# રે.દિ.મુ.નં. ૩૭–૨૦૧૭

## <u>આંક–૫ નીચે હુકમ</u>

(૧) હાલનો દાવો વાદીઓએ પ્રતિવાદીઓ વિરૂદ્ધ રૂા. ૩૦૦/– ના આંકથી રે.દિ.મુ. નં. ૩૬–૨૦૧૩ ના કામે થયેલ હુકમનામું તથા તેના આધારે પડેલ નોંધ રદ્દબાતલ ઠરાવવાનું વિજ્ઞાપન મેળવવા, કાયમી મનાઇ હુકમ મેળવવા તથા વાદગ્રસ્ત જમીનનો કબજો મેળવવા દાખલ કરેલ છે. જેમાં હાલની અરજી દાખલ કરી વાદીઓએ પ્રતિવાદીઓ વિરૂદ્ધ "ધોરાજી તાલુકાના ગામ ઝાંઝમેરના રે.સ.નં. ૯/૧૪ પૈકીના ખેડવાણ જમીન એકર ૫–૧૬ ગુંઠા આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૬ કોઇને જાતે કે તેના નોકર, એજન્ટ, મુખત્યાર કે માણસો મારફતે કોઇને વાદગ્રસ્ત જમીન વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇપણ પ્રકારે તબદીલ કરે/કરાવે નહી કે આ કામના પ્રતિવાદી નં. ૮ વાદગ્રસ્ત જમીન પરત્વે રેગ્યુલર દિવાની મુકદમાં નં. ૩૬/૨૦૦૩ ના કામમાં કરવામાં આવેલ હુકમનામાના આધારે રેવન્યુ રેકર્ડમાં કોઇપણ પ્રકારે ફેરફાર કરે/કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઇ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે." તેવી દાદ માંગેલ છે.

(૨) વાદીની અરજીની બિના છે કે, મોજે ગામ ઝાંઝમેરના રે.સ.નં. ૯/૧૪ પૈકી તથા ૨૯૫/૨ પૈકી વાળી જમીન ગુજરનાર ટપુભાઇ ગોવાભાઇની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી હતી. જેમાથી રે.સ. નં. ૨૯૫/૨ પૈકી વાળી જમીનમાંથી ટપુભાઈ ગોવાભાઈની એકર ૪–૦ ગુંઠા ગુજરનાર વખતસંગ ટપુભાઇ તથા બાકીની એકર ૬–૦૧ ગુંઠા ગુજરનાર રણજીતસીંગ ટપુભાઇને તેઓની

હયાતીમાં ખાતે ચડાવી આપેલ હતી. જ્યારે રે.સ.નં ૯/૧૪ પૈકી આવેલી ખેડવાણ જમીન ટપુભાઇ ગોવાભાઈએ તારીખ ૮–૪–૨૦૦૨ ના રોજ રજીસ્ટર્ડ વિલ કરી આપેલ હતુ અને તે વિલથી રે.સ.નં ૯/૧૪ પૈકી આવેલી જમીન તેઓની ત્રણ દીકરીઓને આપવા ઠરાવેલ હતુ. વખતસંગ ટપુભાઇએ તેઓના ભાગની જમીન મળી ગયેલ હોવા છતા ટપુભાઈ ગોવાભાઈને હેરાન કરવા માટે રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦3 નો દાખલ કરેલો છે. ચાલુ દાવે તારીખ ૧૮–૪–૨૦૦3 ના રોજ ટપુભાઈ ગોવાભાઈનું મરણ થતા ટપુભાઈ ગોવાભાઈના તમામ વારસોને રેકર્ડ પર લાવવાની જગ્યાએ ફક્ત તેમના પત્ની અમૃતબેન ટપુભાઈને દાખલ કરી સમાધાનથી હુકમનામુ કરાવી લીધુ હતુ અને એ હુકમનામાના આધારે રેવન્યુ રેકર્ડમાં કાચી નોંધ નંબર ૫૭૫૪ દાખલ કરવામાં આવેલ અને તેમાં ફકત પ્રતિવાદી નં.૨ ના નામે દાખલ કરવા વિનંતી કરેલી. જેની સામે વાદીઓએ વાંધા રજુ કરેલા. પ્રતિવાદીઓ વાદીઓના જોગનું વિલ અસ્તિત્વમાં હોવા છતા વાદીઓના હક્ક ડુબાડવા માટે ખોટી રીતે હુકમનામુ કરાવી નોંધ પડાવવા પ્રયત્ન કરી રહ્યા છે. જેથી વાદીઓએ હાલની અરજી દાખલ કરેલ છે. વાદીઓએ તેઓની અરજીના સમર્થનમાં નિશાની ૪/૧ થી રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦3 ની દાવા અરજી, ૪/૨ થી હુકમનામુ, ૪/૩ થી સમાધાન પુરસીસ, ૪/૪ થી વિલ, ૪/૫ થી તકરારી કેસ નં. ૨૨/૦3–૦૪ નો હુકમ, ૪/૬ થી ૧૩૫–ડી ની નકલ અને ૪/૭ થી મામલતદારશ્રીને આપેલ વાંધાની નકલો રજુ કરેલ છે.

(૩) હાલની અરજી દાખલ થતાં પ્રતિવાદીઓ વિરૂદ્ધ નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હતો. જેના અનુસંધાને પ્રતિવાદી નં. ૧ થી ૫ નાએ હાજર થઇ

આંક–૧૫ થી તેમનો જબાવ રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીઓની અરજી ખરી નથી, અરજીમાં જણાવેલ વિગતો ખરી નથી. વધુમાં જણાવેલ છે કે, વાદીઓએ તા. ૬–૮–૨૦૦૮ ના રોજ થયેલ હુકમનામું રદ્દ કરાવવા માટે વર્ષ–૨૦૧૭ માં દાવો દાખલ કરેલ છે. મામલતદારની એન્ટ્રી રદ્દ કરવા કોર્ટને હકુમત નથી. દાવાવાળી જમીનનો કબજો પ્રથમથી પ્રતિવાદી નં. ૨ અને ૪ પાસે હતો અને તે જ પ્રમાણે હુકમનામુ રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ માં થયેલ છે અને તેના આધારે મામલતદાર નોંધ પાડી રહ્યા છે. જો તે ન પાડે તો હુકમનામાનું પાલન થાય નહીં. દાવાવાળી જમીન વખતસંગ ટપુભાઇની મુડીમાંથી ખરીદ કરાયેલ છે. સને–૨૦૦૫ ના અરસામાં આ જમીન પ્રતિવાદી નં. ૨ વાવતા હતા. વાદીઓએ જણાવેલ વિલ છળકપટથી બનેલુ છે જેને ચેલેન્જ કરવા છતાં વાદીઓએ આજદિન સુધી કોઇ પ્રોબેટ મેળવેલ નથી. વિલના સાક્ષીઓ વાદીઓના મળતીયા છે. વિલ બનાવનાર એડવોકેટશ્રીએ રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ માં સમાધાન પુરસીસ અંગેની કબુલાત આપી છે. વાદીઓએ તા. ૨૫–૦૭–૨૦૦૯ ના રોજ પોતાની સહીથી નામદાર હાઈકોર્ટમાં દાદ માંગેલ હતી અને ફરીથી આવો દાવો લઇને આવેલા છે. વાદીઓ જાણતા હતા કે, રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ માં હુકમનામુ થયેલ છે. વાદીઓએ માતા અમૃતબેનના અવસાન સુધી કોઇ લીટીગેશન કરેલ નથી કારણ કે વાદીઓ સાચી હકિકત રેકર્ડ પર લાવવા માંગતા ન હતા. ટપુભાઈના તા. ૧૮–૪–૨૦૦૩ ના રોજના અવસાન બાદ વાદી નં. ૧, ૨ ગેરકાયદેસર રીતે અમૃતબેનને પોતાની સાથે લઇ ગયેલા અને ખોટી અરજ અહેવાલ કરાવેલા જેથી અમૃતબેનને સત્ય હકિકત ધ્યાનમાં આવતા રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩માં કોર્ટ રૂબરૂ કબુલાત આપેલ હતી. દાવાવાળી જમીનનો કબજો

પ્રતિવાદી નં. ૩ ધરાવે છે. વાદીઓનો દાવાવાળી જમીનમાં કોઇ હક્ક, હિસ્સો નથી. વાદીઓએ આર્થિક લાભ લેવા માટે ખોટીરીતે દાવો દાખલ કરેલ છે. મામલતદારને હુકમ કરવા માટે આ કોર્ટને સત્તા નથી. જેથી અરજી રદ્દ કરવા વિનંતી કરેલ છે.

જયારે પ્રતિવાદી નં. ૬ અને ૭ નાએ આંક–૨૦ થી તેઓનો જવાબ રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીઓની અરજી ખરી નથી, અરજીમાં લખેલી વિગતો ખરી નથી. વધુમાં જણાવેલ છે કે, વાદીઓના દાવાને સમયમર્યાદાનો બાધ છે. ટપુભાઈ ગોવાભાઈએ તેમની જમીન વાદીઓને આપવાનું ક્યારેય નક્કી કરેલુ નહીં. તા. ૧૩–૦૮–૨૦૦૮ ના રોજ હુકમનામું થયાનું વાદીઓ જાણતા હોવા છતાં આજદિન સુધી વાદીઓએ કોઈ દાવો દાખલ કરેલો નથી. વાદીઓએ ખોટું કારણ ઉભુ કરી ખોટો દાવો દાખલ કરેલો છે. જેથી રદ્દ કરવા વિનંતી કરેલ છે.

પ્રતિવાદી નં. ૮ નાએ આંક–૨૪ થી તેમનો જવાબ રજુ કરેલ છે. જેમાં નોંધ નં. ૫૭૫૪ તે રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ ના કામે તા. ૧૩–૮–૨૦૦૮ ના રોજ થયેલ હુકમના આધારે પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે અને તે નોંધ પ્રમાણિત થયાનું જણાવેલ છે. સરકાર પક્ષે આર.આઇ.સી. તપાસણી કમિશનરની સુચનાના મુદ્દા નં. ૪૫ મુજબ કોઇપણ પ્રકારના હુકમીનોંધ સામે તકરાર ચલાવી ન શકાય તેમ જણાવી અરજી રદ્દ કરવા વિનંતી કરેલ છે.

(૪) વાદી પક્ષે પ્રતિવાદીઓના જવાબ વિરૂદ્ધ કોઇ કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ નથી.

(૫) વાદી પક્ષે વિ.વ.શ્રી એ.બી. જોષીએ આંક–૨૭ થી તેમની લેખિત દલીલો રજુ કરેલ છે તેમજ અરજીના સમર્થનમાં મૌખિક દલીલો પણ કરેલ છે. જ્યારે પ્રતિવાદી નં. ૧ થી ૫ તરફે વિ.વ.શ્રી આર.એલ. ચાવડાએ આંક–૨૮ થી અને પ્રતિવાદી નં. ૬ અને ૭ તરફે વિ.વ.શ્રી ડી.જે. ઠેસીયાએ આંક–૩૩ થી તેમની લેખિત દલીલો રજુ કરેલ છે. જે તમામ રેકર્ડનો ભાગ હોઈ તેનું પુનરાવર્તન ટાળેલ છે.

(૬) અરજી, જવાબ તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં, હાલની અરજીના યોગ્ય ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, વાદીનો પ્રાયમાફેસી કેસ છે?

(૨) શું વાદી સાબિત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે?

(૩) શું વાદી સાબિત કરે છે કે, મનાઈ અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાંથી વળી ન શકે તેવું નુકશાન થવાની શક્યતા છે?

(૪) શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોક્ત મુદ્દાઓના તારણ ઉપર આવવાના મારા કારણો નીચે મુજબ છે.

## <u>કારણો</u>

(૮.૧) મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ તેની ચર્ચા અહીંયા સંયુક્ત કરવામાં આવેલ છે.

(૮.૨) વાદીએ હાલના દાવો રે.સ.નં. ૯/૧૪ પૈકી આવેલી જમીન બાબતે દાખલ કરેલો છે. જે જમીન વાદીઓએ વિલથી મળેલ હોવાનું જણાવેલ છે. વિલની નકલ વાદીઓએ નિશાની ૪/૪ થી રજુ કરેલ છે. સદરહુ વિલ તે રજીસ્ટર્ડ વિલ છે જેને વંચાણે લેતા દાવાવાળી જમીન તથા ઝાંઝમેર ગામમાં આવેલ મકાનવાળી મિલકત ગુજરનાર ટપુભાઈ ગોવાભાઈએ તેમની હયાતી બાદ તેમની દિકરીઓને આપવાનું ઠરાવેલ છે.

(૮.૩) વાદીઓના દાવા અરજી જોતા રે.સ.નં. ૯/૧૪ પૈકી આવેલી જમીન બાબતે ટપુભાઇ ગોવાભાઈએ વખતસંગ ટપુભાઈ, સમજુબેન વખતસંગ, સુરેશભાઇ વખતસંગ, મીનાબેન સુરેશભાઈ, પ્રદિપભાઈ વખતસંગ અને લતાબેન પ્રદિપભાઈ વિરૂદ્ધ ધોરાજી સિવિલ કોર્ટના રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ નો દાખલ કરેલ હતો જેની દાવા અરજીની નકલ વાદીઓએ નિશાની ૩/૪ થી રજુ કરેલ છે. જેમાં દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ કે તેમના મળતીયાઓ પ્રવેશ કરે–કરાવે નહીં કે તે દાવાના વાદીને ખેતી કરતા અટકાયત કરે–કરાવે નહીં તેવી દાદ માંગેલ હતી. સદરહુ દાવાના કામે વાદી ટપુભાઈ ગોવાભાઈ મરણ જતા તેમના વારસો તરીકે તેમના પત્ની અમૃતબેન ટપુભાઈને દાખલ કરેલ હતા. જેમણે સદરહુ

દાવામાં આંક–૧૦૬ થી સમાધાન રજુ કરી કરારદાદ હુકમનામુ કરી આપવા વિનંતી કરેલ હતી જેના આધારે આંક–૧૦૭ વાળુ કરારદાદી હુકમનામુ કરવામાં આવેલ હતુ અને તેમાં દાવાવાળી જમીનને તે દાવાના પ્રતિવાદી નં. ૩ સુરેશભાઈ વખતસંગના નામે કરવા ઠરાવેલ હતું. જે સમાધાન પુરસીસ તથા હુકમનામાની નકલ નિશાની ૪/૩ અને ૪/૨ થી રજુ થયેલ છે. આમ, સદરહુ દાવામાં વાદીઓને ગુજરનાર ટપુભાઈના વારસો કે લીગલ રીપ્રેઝેન્ટીવ તરીકે જોડવામાં આવેલ નથી. વાદીઓ ગુજરનાર ટપુભાઈ ગોવાભાઈના વારસો હોવા બાબતે પ્રતિવાદીઓએ કોઇ તકરાર લીધેલ નથી.

(૮.૪) વાદીઓએ નિશાની ૪/૫ થી ધોરાજી મામલતદાર કોર્ટમાં તકરારી કેસ નં. ૨૨/૦૩–૦૪ ચાલી ગયો હતો જેના હુકમની નકલ રજુ કરેલ છે. જે તકરારી નોંધ નંબર ૩૬૯૯ બાબતે દાખલ થયેલ હતી. જે નોંધથી ટપુભાઈ ગોવાભાઈ તા. ૧૮–૪–૨૦૦૩ ના રોજ મરણ થતા તેમના વારસો તરીકે વાદી નં. ૧, ૨ તથા મુક્તાબેન, અમૃતબેન, વખતસંગ અને રણજીતસીંહના નામો દાખલ કરેલાનું જણાય છે. જે નોંધ વિરૂદ્ધ વાદીઓએ વાંધો લઇ તેમની તરફેણમાં વિલ હોય તેઓએ વિલના આધારે વાદીઓ સિવાયના નામો દાખલ ન કરવા તકરાર લીધેલ હતી. સદરહુ મામલતદારશ્રીનો હુકમ વંચાણે લેતા તેમાં રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ નો દાખલ થયેલ હોવાનું તથા તે દાવાનો આખરી નિકાલ થયેથી તે મુજબ અમલવારી કરવાનું ઠરાવી મામલતદારશ્રીએ નોંધ નંબર ૩૬૯૯ રદ્દ કરવા ઠરાવેલ હતુ. સદરહું હુકમ જોતા તેમાં ટપુભાઈ ગોવાભાઈ મરણ ગયા બાદ જ તકરાર ઉદ્ધભવેલ હતી અને તેમાં પણ રે.દિ.મુ. નં. ૩૬/૨૦૦૩ના

દાવાનો ઉલ્લેખ થયેલ છે. સદરહુ મામલતદારશ્રીનો હુકમ તા. ૨૩–૬–૨૦૦૫ ના રોજ થયેલ છે.

(૮.૫) આમ, વાદીઓએ મામલતદારશ્રી સમક્ષની નોંધ નંબર ૩૬૯૯ દાખલ કરવા સામે જે વાંધા લીધા હતા તે મુજબ વાદીઓને રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ નો દાખલ થયાનું જાણમા હતું અને તે તકરારી કેસ પણ ટપુભાઈ ગોવાભાઈના મરણ બાદ ઉદ્ધભવેલ હોય સ્વાભાવિક જ વાદીઓ પોતાને ગુજરનાર ટપુભાઈ ગોવાભાઈના વારસો માનતા હોય તો દાવામાં પક્ષકાર તરીકે જોડાવવા આવવું જોઇએ. મામલતદારશ્રીએ વર્ષ–૨૦૦૫ માં હુકમ કરી રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ નો આખરી હુકમ અનુસંધાને આગળની કાર્યવાહી કરવાનું ઠરાવેલ હોવા છતાં ત્યારબાદ પણ વાદીઓએ રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ ના કામે પક્ષકાર તરીકે દાખલ થવાની કોઇ કાર્યવાહી કરેલ નથી. આમ, વાદીઓએ રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ બાબતે જાણતા હોવા છતા તે દાવાના કામે હાજર થયા નથી અને હવે તે દાવામાં થયેલ હુકમનામું ચેલેન્જ કરવા આવેલ છે.

(૮.૬) રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ ના કામે વાદીઓ પક્ષકાર ન હોય અને વાદીઓએ તે હુકમનામું છળકપટથી કર્યાનું માનતા હોય તે રદ્દ કરાવવા હાલનો દાવો દાખલ કરેલ છે. પરંતુ લીમીટેશન એક્ટની જોગવાઈઓ મુજબ છળકપટથી મેળવેલ હુકમનામું કે ઈન્સ્ટ્રુમેન્ટ રદ્દ કરાવવા માટે સમય મર્યાદા ત્રણ વર્ષ છે અને તે સમયમર્યાદા વાદીઓને તેવું છળકપટ થયાનું જાણમાં આવ્યેથી શરૂ થાય. હાલના કેસમાં વાદીઓ વર્ષ–૨૦૦૩/૦૪ થી રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ બાબતે

જાણતા હોવા છતાં હાજર થયા નથી કે પક્ષકાર તરીકે જોડાવવા કાર્યવાહી કરેલ નથી. તે સંજોગમાં હાલના તબક્કે વાદીઓએ સમયમર્યાદાનો બાધ નડતો હોવાનું ફલીત થાય છે. રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ નું હુકમનામું તા. ૧૩–૮–૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ છે. જ્યારે હાલનો દાવો વાદીઓએ તા. ૧૧–૧૦–૨૦૧૭ ના રોજ દાખલ કરેલ છે એટલે કે વાદીઓના દાવાને આશરે નવ વર્ષની સમય મર્યાદાનો બાધ નડે છે.

(૮.૭) વાદીઓની હાલની સમગ્ર અરજી જોતા તેમાં પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત ટ્રાન્સફર કરવા કે નિકાલ કરવાનો પ્રયત્ન કરતા હોવાનું જણાવેલ નથી. એટલે કે, વાદીઓએ હાલના તબક્કે આ અરજી શું કામ દાખલ કરેલ છે તેનું કોઇ કારણ જણાયેલ નથી. સી.પી.સી. ઓર્ડર–૩૯ રૂલ–૧, ૨ ની જોગવાઇઓ મુજબ જ્યારે મિલકત પ્રતિવાદી વેડફતા હોય ત્યારે વાદી મનાઇ હુકમ માગવા હક્કદાર બને. પરંતુ હાલની અરજીમાં આવી કોઇ ફરિયાદ વાદીઓએ કરેલ નથી.

(૮.૮) પ્રતિવાદી નં. ૧ થી ૫ એ તેમના જવાબમાં તકરાર લીધેલ છે કે, વાદીએ અગાઉ વર્ષ–૨૦૦૯ માં ના. ગુજરાત હાઈકોર્ટમાં આ પ્રકારની તકરાર લીધેલ છે. જેનો વાદી પક્ષે કોઈ કાઉન્ટર એફીડેવીટ રજુ કરી ઈન્કાર કરેલ નથી. તે સંજોગોમાં જ્યારે વાદીએ વર્ષ–૨૦૦૯ માં જો ના. ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હોય તો પણ તેની વિગત હાલના દાવાના કામે છુપાવેલ છે. તે સંજોગોમાં પણ વાદી કોઈ સમન્યાયી દાદ મેળવવા હક્કદાર બનતા નથી.

(૮.૯)	હાલના દાવામાં વાદીઓએ પ્રતિવાદી નં. ૮ તરીકે મામલતદારશ્રી ધોરાજીને દાખલ કરેલ છે અને મામલતદારશ્રી, ધોરાજીએ પાડેલ નોંધ રદ્દ કરવા વિનંતી કરેલ છે. પ્રતિવાદી નં. ૮ એ કરેલી કામગીરી તે સરકારી અધિકારીએ તેમની ફરજોની રૂએ કરેલી કાર્યવાહી છે. જેથી દાવામાં પ્રતિવાદી નં. ૮ વિરૂદ્ધ જે દાદ માંગેલ છે તે સરકાર વિરૂદ્ધની દાદ ગણાય. સી.પી.સી. કલમ–૮૦ ની જોગવાઈ મુજબ સરકાર કે સરકારી અધિકારી વિરૂદ્ધ કોઈપણ દાવો દાખલ કરતાં પહેલાં નોટીસ આપવી પડે. હાલના દાવામાં વાદીએ આવી કોઈ નોટીસ પ્રતિવાદી નં. ૮ ને આપ્યાનો ઉલ્લેખ નથી કે તેની કોઈ નકલ રજુ કરેલ નથી. વધુમાં, તેવી નોટીસ સરકારશ્રીને પણ આપવામાં આવેલ નથી. વાદીઓએ સરકારશ્રીને હાલના દાવામાં પક્ષકાર તરીકે પણ દાખલ કરેલ નથી. જેથી, હાલના દાવામાં સરકારશ્રી જરૂરી પક્ષકાર છે કે નહીં તે સંદર્ભે સી.પી.સી. કલમ–૭૯ ની જોગવાઈ જોવી રહી. જે નીચે મુજબ છે.

Section 79 – Suits by or against Government

In a suit by or against the Government, the authority to be named as plaintiff or defendant, as the case may be, shall be–

(a) in the case of a suit by or against the Central Government, the Union of India, and

(b) in the case of a suit by or against a State Government, the State.

હાલના દાવામાં મામલતદારશ્રી, ધોરાજી તે સરકારી અધિકારી છે. જેથી કલમ–૭૯(બી) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દાવામાં જરૂરી પક્ષકાર

ગણાય અને રાજ્ય સરકારને પક્ષકાર બનાવ્યા સિવાય દાવો ચાલી શકે નહીં.

હાલનો દાવો દાખલ કરતા પહેલાં વાદીઓએ ગુજરાત સરકારને નોટીસ આપેલ નથી કે હાલના દાવામાં ગુજરાત સરકારને પક્ષકાર તરીકે દાખલ કરેલ નથી. જેથી કલમ-૭૯ ની જોગવાઈ મુજબ હાલનો દાવાને નોન-જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો બાધ નડતો હોઈ આ અરજીમાં જણાવેલ એકપણ દાદ મંજુર થવા પાત્ર નથી. મારી ઉપરોક્ત માન્યતાને ના. સર્વોચ્ચ અદાલતના 2012 0 AIR (SC) 408 ના કોલ માઈન્સ પી.એફ. કમિશ્નર વિ. રમેશચંદ્ર ઝાના ચુકાદાથી સમર્થન મળે છે. જે ચુકાદાના પેરા. ૧૩ અને ૧૪ માં ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

"13. Having considered the submissions made on behalf of the Appellant and the Respondent appearing in-person, we are of the view that the judgment and order of the High Court does not require any interference, particularly when the issue raised in this Appeal has already been decided by this Court in civil Appeal No.1932 of 1982, wherein it was categorically held that the Coal Mines Provident Fund Commissioner is a "public servant" within the meaning of Section 2(17) of the code of civil Procedure. It cannot be forgotten that the First Suit filed by the Respondent, being Title Suit No.78 of 1979, was withdrawn on the ground that it had been held that a notice under Section 80 of the code was necessary since the Coal Mines Provident Fund Commissioner was a public servant and, thereafter, a second suit, being Title Suit No.102 of 1990,

was filed by the Respondent upon due notice to the Coal Mines Provident Fund Commissioner. In view of the aforesaid finding regarding the status of the Coal Mines Provident Fund Commissioner, the First Appellate Court erred in reversing the finding of the Trial Court on this score. It was not open to the First Appellate Court to re−open the question which had been decided by this Court, at least on the same submissions which had been made earlier that though the officer concerned was an employee of the Central Government, he no longer enjoyed the said status when he was discharging the functions of the Chairman of the Board of Trustees of the Coal Mines Provident Fund Scheme.

14. We, therefore, have no hesitation in holding that in view of the fact that the Coal Mines Provident Fund Commissioner has been held by this Court to be a public officer, it was necessary to join the Union of India as a party in the suit in view of the provisions of Order XXVII Rule 5A of the code of civil Procedure. We, accordingly, see no reason to interfere with the judgment and order appealed against and the Appeal filed by the Coal Mines Provident Fund Commissioner is dismissed, though without any order as to costs."

વધુમાં, આજ બાબતે ના. સર્વોચ્ચ અદાલતના ડીસ્ટ્રીક્ટ કલેક્ટર, શ્રીકાકુલમ વિ. બગાથી ક્રિષ્ના રાવના 2010 0 AIR (SC) 2617 ના ચુકાદાથી

સમર્થન મળે છે. જેમાં ના. સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ ઠરાવેલ છે.

"5. Section 79 of the Code of Civil Procedure (hereinafter 'CPC') specifically deals with suits by and against the Government and provides that in suits by and against the Government, the authority to be impleaded as the plaintiff or defendant, would be the Union of India or Central Government or the State or State Government. Proviso to Rule 9 of Order 1 provides that non-joinder of necessary party is fatal.

6. Rule 1 of Order XXVII CPC deals with suits by or against the Government or by officers in their official capacity. It provides that in any suit by or against the Government, the plaint or the written statement shall be signed by such person as the Government may like by general or special order authorize in that behalf and shall be verified by any person whom the Government may so appoint.

7. Article 300 of the Constitution deals with legal proceedings by or against the Union of India or State and provides that in a suit by or against the Government, the authority to be named as plaintiff or defendant, as the case may be; in the case of the Central Government, the Union of India and in the case of State Government, the State, which is suing or is being sued."

આમ, ઉપરોક્ત સી.પી.સી. કલમ-૭૯ ની જોગવાઈ તથા ના. સર્વોચ્ચ

અદાલતના ઉપરોક્ત બંન્ને ચુકાદાઓ જોતાં હાલના દાવામાં ગુજરાત સરકાર જરૂરી પક્ષકાર છે. પરંતુ, વાદીઓએ ગુજરાત સરકારને દાવામાં પક્ષકાર બનાવેલા જ નથી. વાદીએ પ્રતિવાદી નં. ૮ કે મામલતદારશ્રી, ધોરાજી છે તેઓની સામે તેઓની ફરજની કામગીરી સંદર્ભે દાદ માંગેલ છે. તે સંજોગોમાં ગુજરાત સરકાર યોગ્ય અને જરૂરી પક્ષકાર છે અને જો દાવામાં યોગ્ય અને જરૂરી પક્ષકાર જોડવામાં આવેલા ન હોય તો સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૯ ના પરંતુકની જોગવાઈ મુજબ વાદીનો દાવો ટકી શકતો નથી. જેથી વાદીના દાવાને સી.પી.સી. કલમ–૭૯ સાથે વાંચતા ઓર્ડર–૧ રૂલ–૯ ના પરંતુકનો બાધ નડે છે. આમ, તે સંજોગોમાં પણ વાદીની આ અરજી ટકવાપાત્ર નથી.

(૮.૧૦) વાદીઓએ હાલના દાવામાં મામલતદારશ્રી, ધોરાજી દ્વારા રે.દિ.મુ.નં. ૩૬/૨૦૦૩ ના કામે થયેલ હુકમનામાના આધારે નોંધ દાખલ કરે–કરાવે નહીં કે રેવન્યું રેકર્ડમાં ફેરફાર કરે કરાવે નહીં તેવી દાદ માગેલ છે. બોમ્બે રેવન્યુ જ્યુરીશડિક્શન એક્ટની કલમ–૧૧ મુજબ બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ અન્વયે રેવન્યુ ઓથોરીટીને મળેલી સત્તા અનુસાર પાડેલ નોંધ સામે સક્ષમ અધિકારી સમક્ષ જ્યાં સુધી મળવાપાત્ર રેમેડી મેળવેલ ન હોય ત્યાં સુધી સિવિલ કોર્ટને સત્તા રહેતી નથી. હાલના કેસમાં વાદીએ ઉપરોક્ત નોંધ વિરૂદ્ધ રેવન્યુ રાહે કોઇ કાર્યવાહી કરેલ હોય તેવુ જણાતું નથી. તેવા સંજોગોમાં પણ વાદીઓની અરજી મંજુર થવા પાત્ર રહેતી નથી.

(૮.૧૧) વાદી પક્ષે તેમની અરજીના સમર્થનમાં 2004(1) Civil LJ 1 ના

રામચંદ્રસીંઘ વિ. સાવીત્રી દેવીના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેમાં ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, સી.પી.સી. કલમ–૧૫૧ અને ૧૧, ઓર્ડર–૨૦ રૂલ–૧૮ અને ઓર્ડર–૨૬ રૂલ–૧૩ અને ૧૪(૨), કોર્ટ કલમ–૧૫૧ અન્વયેની પોતાની અંતર્ગત સત્તાઓનો ઉપયોગ કરી છેતરપીંડી કરી મેળવેલ પ્રીલીમીનરી હુકમનામુ રદ્દ કરી શકે.

વધુમાં વાદી પક્ષે 1998(1) GLH 717 ના ઠાકોર જમશેરખાનજી તાજખાનજી વિ. રાજગોર જી.વી. ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેમાં ના. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, સી.પી.સી. કલમ–૯૬ મુજબ જ્યારે કોઈ ત્રાહીત પક્ષકારનો મિલકતમાં હક્ક હોય અને તે કોર્ટના હુકમનામાથી અસરકર્તા બનતા હોય તો ત્રાહીત પક્ષકાર કોર્ટની પરવાનગી મેળવી અપીલ દાખલ કરી શકે.

વધુમાં વાદી પક્ષે 1994 SCC(1) 1 ના એસ.પી. ચેંગલવરાયા નાયડુ વિ. જગન્નાથના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેમાં ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, કોર્ટ સાથે છેતરપીંડી કરી તથા સત્ય હકીકતો છુપાવી મેળવેલ હુકમ રદ્દ થવાને પાત્ર છે.

(૯) આમ, ઉપરોક્ત ચર્ચાના અંતે વાદીઓનો પ્રાઈમાફેસી કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના લાભમાં નથી. જો મનાઇ મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાંથી ન વળી શકે તેવુ નુકશાન જવાની શક્યતા પણ જણાતી નથી. આમ, મારા મુદ્દા નં. ૧ થી ૩ ના જવાબ નકારમાં ઠરાવુ છુ અને મુદ્દા નં. ૪ પરત્વે મારો આખરી હુકમ નીચે મુજબ કરૂ છુ.

## ।। હુકમ ।।

– વાદીઓની અરજી નામંજુર યાને કે રદ્દ કરવા હુકમ કરવામાં આવે છે.

– હાલની અરજીનું તમામ ખર્ચ વાદીઓએ ભોગવવુ.

હુકમ આજ તા. ૧૨મી માહે ડિસેમ્બર સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

ધોરાજી.
તા. ૧૨–૧૨–૨૦૧૯.

**(સચીન પ્રતાપરાય મહેતા)**
એડીશનલ સીનીયર સીવીલ જજ,
ધોરાજી.
કોડ નં. જીજે૦૦૯૩૪

ADM